સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

રાવણની વાટિકામાં લોકશાહી-સીતા બેઠી છે,
ને જૂથોના મહાભારત વચ્ચે ગીતા પેઠી છે,
દીઠી છે હાર, 'પટેલો'થી શાહે સંજય-દૃષ્ટિથી -
ધીમો વિકાસ ને મોળા 'વિજય'થી ચિંતા વેઠી છે...

હાઈકુ

ઉગ્ર સીમાડા
જોયા કરે શહિદી -
શાંત છે સેના...

વાગે બ્યુગલ -
જીએસટી મેદાને,
પરાક્રમનાં...

ચિંતન

કીટોડપિ સુમનઃ સંગાદારોહતિ સતાં શિરઃ ।
અશ્માપિ યાતિ દેવત્વં મહદ્ભિઃ સુપ્રતિષ્ઠિતઃ ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

કીડો પણ ફૂલની સોબતથી સજ્જનોના મસ્તક પર ચડે છે. મોટા માણસો વડે સારી રીતે પ્રતિષ્ઠા પામેલો પથ્થર પણ દેવત્વ પામે છે.

આપણાં સુભાષિત અને ધર્મગ્રંથોમાં 'સત્સંગ' નો પ્રભાવ - મહાત્મ્ય ખૂબ વર્ણવામાં આવ્યું છે. સત્સંગથી માણસ 'હકારાત્મક' વિચાર તરફ વળે છે. હકારાત્મક વિચાર જીવનની સાચી દિશા છે.

કેટલાક લોકો શંકાશીલ - અવિશ્વાસુ અને સદાય બીજાના દોષ જોનારા જ હોય છે તે અંતે દુઃખી થાય છે.

સુવિચાર

- જીવન સત્ય છે, જીવન મહત્ત્વપૂર્ણ છે, મૃત્યુ એનું લક્ષ્ય નથી - **લોંગફેલો**
- ઐશ્વર્યનું ભૂષણ સૌજન્ય છે - **ભર્તૃહરિ**
- મનુષ્યનો આત્મા તેના ભાગ્ય કરતાં મહાન છે - **અરવિંદ**
- સપનાના ભંગાર પર બેસવા એક જ ખુરશી હોય છે અને તેના ઉપર સપનાં જોનારે જ બેસવાનું હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ઝેર પીવાનું, પચાવવાનું અને જીવવાનું માણસ માણસ જેવી અવદશા કરે છે એવી તો શેતાન પણ નથી કરતો - **અખંડ આનંદ**
- ઈશ્વરને જયારે કોઈને ટોર્ચર કરવાની ઈચ્છા થતી હશે ત્યારે એના જીવનમાં બેહિસાબ પૈસા ઢોળી નાખશો હશે - **વિચારદીપ**
- આજનું ઔષધ : ગાજરને કચરી તેને કોઈ પણ લોટમાં મિક્સ કરી પેસ્ટ જેવું બનાવી ફોલ્લા પર કે બળતરા વાળા ઘા પર બાંધવાથી રુઝ જલ્દી આવે છે. **(સંકલન : દિપક વી. આશરા)**

બોધકથા

માત્ર સૌંદર્ય જ નહીં સદ્‌ગુણનું જ ખાસ મહત્ત્મ છે.

રાજાને મળવા એક સંત આવ્યા. રાજાએ પોતાનો ખજાનો સંતને બતાવ્યો. સંતે કહ્યું, 'આટલા બધા કિંમતી પથ્થરોમાંથી સૌથી કિંમત પથ્થર કયો છે ??' રાજાએ સંતના હાથમાં એક મુઠ્ઠી જેવડો મોટો પાણીદાર હીરો મૂક્યો. સંતે કહ્યું, 'મહારાજ, આપ મારી સાથે ચાલો હું આપને આનાથી પણ વધારે કિંમતી પત્થર બતાવું.'

રાજા અને સંત જંગલ તરફ ગયા. ત્યાં એક ઝૂંપડીનાં આંગણાંમાં એક ગરીબ સ્ત્રી બેઠી બેઠી ઘંટીમાં દળણું દળતી હતી. સંતે રાજાને ઘંટી બતાવીને કહ્યું, 'જુઓ રાજાજી, આ છે સૌથી કિંમતી પથ્થર. એનું મૂલ્ય મુઠ્ઠી જેવડા હીરા કરતાં પણ વધારે છે.'

રાજા કહે 'તે શી રીતે ?' સંતે કહ્યું, 'આ પથ્થર હજારોની રોજીનું સાધન છે. અનાજ દળીને એ સૌની ભૂખ મટાડે છે. આપનો હીરો ભલે સુંદર હશે, પણ ઘંટીમાંથી સેવાની જે સુગંધ ફેલાય છે, એ સુગંધ આપનો હીરો નહીં ફેલાવી શકે.' રાજાએ સંતને કહ્યું, 'મહાત્મા આજે હું શીખ્યો કે, જે સુંદર છે એ હંમેશા ઉપયોગી નથી હોતું, પણ જે ઉપયોગી છે એ હંમેશા સુંદર હોય છે.'

મુલાયમસિંહનું બ્રહ્મજ્ઞાન

ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને 'નેતાજી'ના હુલામણા નામે જાણીતા યાદવ નેતા મુલાયમસિંહનાં સપનાં રોળાઈ ગયાં છે. મૂળે એ રામ મનોહર લોહિયા અને ચરણસિંહ ચૌધરીનાં ચેલા. જયપ્રકાશ નારાયણની ઈંદિરા વિરોધી ચળવળમાં જેમ બિહારમાં લાલુ-નીતીશના રાજકારણનો યુગ શરૂ થયો એમ ઉત્તરપ્રદેશ જેવા વિશાળ રાજયમાં મૈનપુરીના મુલાયમ યાદવ ઊપસી આવ્યા. એમના ગામ સૈફઈને એમણે અનેક પ્રકારના મનોરંજન કાર્યક્રમ યોજી વિશ્વપ્રસિદ્ધ બનાવી મૂક્યું છે. અમરસિંહ અને આઝમઘાન જેવા સામસામા ધ્રુવોને બેલેન્સ કરી જાણનારા યાદવ નેતા કયારેક મલ્લકુસ્તી સાથે જોડાયેલા હતા. મુસલમાનોના મસીલા તરીકે ઉત્તરપ્રદેશમાં આજપર્યંત અણનમ ગણાતા મુલાયમ સામે દલિત નેતા માયાવતીએ કાઠું કાઢ્યું એ પછી કોંગ્રેસ કયારેય સત્તાના સિંહાસન સુધી પહોંચી નથી. નહીંતર એક જમાનામાં પંડિત જવાહરલાલ નહેરુ અને ઈંદિરા ગાંધી કે ગોવિંદ વલ્લભ પંત અને લાલબહાદુર શાસ્ત્રીથી લઈ કમલાપતિ ત્રિપાઠી અને નારાયણ દત્ત તિવારી સુધીના રાષ્ટ્રીય કક્ષાના કોંગ્રેસી નેતાઓ આ જ પ્રદેશે આપેલાં છે. પ્રાદેષિક રાજકારણ છેક ચૌધરી ચરણસિંહના સમયથી શરૂ થયું હતું પરંતુ એ પરાકાષ્ઠાએ પહોંચ્યું મુલાયમ-માયાવતીના શાસનકાળમાં. આ બેઉ પ્રાદેશિક નેતાઓ મોદી મોજામાં સાવ જ વજૂદ વિહોણા બની ગયા છે. પરંતુ મુલાયમ એમની પાર્ટીની હારનો દોષ બીજા કોઈ પણ નહીં ઢોળતાં પોતાનાં પુત્ર પર જ ઢોળી રહ્યા છે. યુવા મુખ્યમંત્રી અખિલેશ યાદવે પાર્ટીમાં ચાલતાં ભ્રષ્ટાચાર અને ગુંડાગીરીને ડામવાની પ્રામાણિક કોશિશ કરી એમાં એમના કાકા શિવપાલ યાદવે ડગલને પગલે અડચણો ઊભી કરી હતી. આખરે પિતરાઈ કાકા રામગોપાલ યાદવ અને પાર્ટીના વરિષ્ઠ સભ્યો સાથે એખિલેશે પિતા અને કાકા વિરુદ્ધ બળવો કરી પાર્ટીનો કબજો મેળવી દીધો ત્યારે મુલાયમસિંહ માટે ઘર ફૂટ્યે ઘર જાય જેવી સ્થિતિ સરજાઈ હતી. અખિલેશ યાદવે મુલાયમ જૂથના ગણ્યાગાઠ્યાં સભ્યોને જ ટિકિટ આપી હતી અને કોંગ્રેસ સાથે ગઠબંધન કરીને ઉત્તરપ્રદેશના રાજકારણમાં ભાજપ વિરોધી મોરચાનો સૂત્રપાત કર્યો હતો. માયાવતી વધુ પડતાં પ્રજાવાદી હતા અને સમાજવાદી પાર્ટીના વિકલ્પે પ્રજા પાર્ટીને જ પસંદ કરશે એવા ભ્રમમાં રાચતા હતા. આખરે મોદી-શાહની હિંદુત્વવાદી કૂટનીતિનો જ વિજય થતાં ઉત્તરપ્રદેશનો ગરાસ ન તો યાદવ પરિવાર પાસે રહ્યો કે ન 'બહેનજી'ના પાલવમાં પડ્યો. મુલાયમ સપાની હાર માટે કોંગ્રેસ સાથેના ગઠબંધનને જવાબદાર ગણાવતા રહ્યા છે. એથી આગળ વધીને પોતે પુત્રને મુખ્યમંત્રી બનાવ્યો છે તે જીવનની બહુ મોટી ભૂલ હતી, એવો એકરાર પણ કરતા રહ્યા છે. કોંગ્રેસ મુલાયમની કારકિર્દી સમાપ્ત કરવા એમની વિરુદ્ધ અનેક કેસ ઊભા કરી એમને હેરાન-પરેશાન કરી મૂક્યા હોવાની કબૂલાત કરનાર મુલાયમે હજી 'સેક્યુલર મોરચા'ના રાગ આલાપવાનું ચાલું રાખ્યું છે. જો અખિલેશની જગ્યાએ ૨૦૧૨માં પોતે જ મુખ્યમંત્રી પદ સંભાળ્યું હોત તો સપા ફરી પાછા એમના લઘુબંધુ શિવપાલ સહિત ટેકેદારોને ભેગા કરી ઉત્તરપ્રદેશના રાજકારણમાં સક્રિય થવા હવાતિયાં મારી રહ્યાં છે. જો કે સપાનું સુકાન તો હવે અખિલેશ હસ્તક છે. અને રાહુલ ગાંધી સાથે એમની કેમિસ્ટ્રી મળતી હોઈ ભવિષ્યમાં પોતાનાં જ પરિવાર વિરુદ્ધ લડવાની નોબત આવશે તો પણ આ યુવાબેલડી વચ્ચે વિસંવાદ થવાની શક્યતા ઘણી ઓછી રહેશે. હાલ પૂરતો આ પારિવારિક વિખવાદ મોદી-શાહના રાજકારણને જ લોકસ્વીકૃતિ અપાવશે. એમાં શંકાને સ્થાન નથી.

તંત્રીસ્થાનેથી...

તારો મુશ્કેલ સમય પૂરો થયો છે

દીકરી મુંઝાઈ ગઈ, 'હવે શું કરું ?' તેણે તેના પિતાને પ્રશ્ન કર્યો,

પિતાએ શાંતિથી જવાબ વાળ્યો,: ''કશું જ નહિ, બસ તું ધીરે ધીરે સાચવીને ગાડી ચલાવ્યા કર.''

નવી જ ગાડી ખરીદી હતી. નવયુવાન દીકરી કૃષ્ણાને હમણાં જ પાકું ડ્રાઈવીંગ લાયસન્સ મળ્યું હતું. સાથે આવતી બે ત્રણ રજાનો લાભ લઈ નાનકડું કુટુંબ નીકળી પડયું હતું આનંદ કરવા. યુવાન દીકરી ગાડી ચલાવે ને પિતા બાજુમાં બેઠા હોય. મા પાછલી સીટ પર આરામથી બેઠી પોરસાય ! માંડ બે કલાકનો રસ્તો કાઢયો હશે ને વંટોળ આવતો દેખાયો ! દીકરી મુંઝાઈ. પિતાના શબ્દો પર વિશ્વાસ રાખીને આગળ વધતી ગઈ. ધીરે ધીરે શેતાની વંટોળની અસર વર્તાવા લાગી. ગાડી ,ચલાવવાની વધુને વધુ મુશ્કેલ થઈ ગઈ. હાઈવે પરના બીજા વાહનો સાઈડ પર ખસીને રોકાઈ જવા લાગ્યા. વંટોળનું જોર વધવા લાગ્યું. દીકરીને પણ એક બાજુ ઊભા રહી જવાનું મન થયું.

દીકરીએ પિતાને પૂછયું, શું કરીએ પપ્પા ? એક બાજુએ ગાડી ઊભી રાખીએ ? ''ના, ઊભા રહેવાનું નથી.'' પપ્પાએ મકકમતાથી જવાબ આપ્યો. ''પણ પપ્પા, વંટોળ વધતો જાય છે.'' દીકરીએ મુંઝાતા કહયું. ''બિલકુલ નહી, તું ભલે ધીરે ધીરે,પણ ગાડી ચાલવતી જ રહે. અને આગળ વધતી રહે.'' પપ્પાએ આદેશના સ્વરમાં કહયું. દીકરીએ પિતાની વાત માની. ખૂબ મુશ્કેલ લાગવા છતાં ધીરી પણ મકકમ ગતીએ ગાડી ચલાવ્યે જ રાખી. થોડા સમય બાદ વંટોળ ઓછો થતો ગયો. ધીરે ધીરે રસ્તો દેખાવા લાગ્યો. થોડાક કિલોમિટર અંતર કાપ્યા પછી તોફાનની અને વંટોળની અસર ઓછી થઈ ગઈ. પિતાએ કહયું, ''બસ કૃષ્ણા, હવે ગાડી ઊભી રાખ.'' દીકરીએ પૂછયું, ''કેમ પપ્પા હવે ?'' પિતાએ હળવેકથી મલકાતા જવાબ આપ્યો. ''બહાર નિકળીને જરા પાછળ નજર કરી જો. જે લોકો મુશ્કેલીથી હારીને ઊભા રહી ગયા હતા તેઓ હજીએ તોફાન અને વંટોળમાં જ ફસાયેલા છે.'' ''અરે, હા પપ્પા યુ આર ગ્રેટ.'' દીકરી ઉછળી પડી.

પિતાએ ઉમેર્યું, ''તું હિંમત હાર્યા વિના ચાલતી રહી, આગળ વધતી રહી, હવે તારા માટે મુશ્કેલ સમય પૂરો થઈ ગયો છે. પણ જેઓ મુશ્કેલીથી હારી અને થંભી ગયા તેઓ હજી તેમાં જ અટવાયેલા છે.'' જગતની સમસ્યા અને જીવનના પ્રશ્નોથી થોભી જનારા અને હાર માની લેનારાઓનો આ વિશ્વમાં તોટો નથી. અધવચ્ચે હથિયાર હેઠાં મુકનારાઓ કયારેય મંઝિલ સુધી પહોંચી શકતા નથી. તુફાન વગરનો કોઈ રસ્તો હોતો જ નથી. મુશ્કેલી વગરની કોઈ સફળતા હોતી નથી. કાંટા વગરનો કોઈ પંથ હોય તે ધ્યાનમાં નથી. ફરિયાદના સૂર ચારે બાજુ રેલાય છે. પરંતુ પરિશ્રમનો લય પકડી રાખનારા મંઝિલને પામે છે.હાર સ્વીકારનારાઓનું આ જગતમાં કોઈ વજુદ નથી, પરંતુ હારીને ઊભા થઈ જનારા અને પુનઃ મહેનત કરવા તૈયાર થનારાઓ માટે આખી દુનિયા રસ્તો આપવા ખસી જતી હોય છે. મનોજ ખંડેરિયા કહેછે,ટોપલીમાં તેજ લઈ નિકળી પડો, નદીની વચ્ચેથી રસ્તો થઈ જશે.એક ફિલ્મનો ડાયલોગ છે કે 'સકસેસ કા કોઈ શોર્ટ કટ નહિ હોતા.'

અદબ-પલાંઠી મોં પર આંગળી
ડૉ. સંતોષ દેવકર

સફળતા મેળવવી અને ટકાવવી એ બધા માટે શકય નથી હોતુ. પરંતુ હાથની રેખાઓ ને જોયા કરનારાઓ માટે શેકેલો પાપડ ભાંગવો પણ મુશ્કેલ બનતો હોય છે.તુ હારી જાય તેનું મને દુઃખ નથી પરંતુ હારીને બેસી જાય તેનું મને દુઃખ છે.જિંદગીની સમસ્યાઓને પડકાર સમજીને જીવનારાઓ જ કંઈ નવું કરી શકે છે. બાકી તો આ જગતમાં ફરિયાદ કરનારાઓના ટોળા ઉભરાય છે.

કોઈ અટકે કે થોભે તો આપણે પણ અટકી જવું? હાર્યા વિના પ્રયત્નો ચાલુ રાખવાથી વિજય રેખા લગીરે દૂર નથી. શરત એટલી કે પ્રયત્નો સાચી દિશાના અને સમજણપૂર્વકના હોવા ઘટે.

મિસરી : ''તુ ન થમેગા કભી તુ ન ઝુકેગા કભી કર શપથ,કર શપથ અગ્નિપથ અગ્નિપથ''
- (હરિવંશરાય બચ્ચન)

-santoshdevkar03@gmail.com

બે જણા દિલથી મળે તો એક મજલીસ છે 'મરીઝ', દિલ વિના લાખો મળે એને સભા કહેતા નથી

આપણે ગુજરાતી ભાષામાં સંબંધ શબ્દ જ બરાબર બોલી શકતા નથી. સબંધ, સબંધ કહીએ છીએ. એવું બોલવાની ટેવ પડી ગઈ છે, જો સાચી રીતે સંબંધ બોલી ન શકતા હોઈએ તો સંબંધોનું ઊંડાણ સમજવાની વાત તો જોજનો દૂર જ રહીને!

સૌ પ્રથમ ઈશ્વર પ્રણીત લોહીનો સંબંધ, આપણે જન્મ લઈને પછી અમુક સંબંધો આપણને વળગીને જ આવે છે, માતા-પિતા, ભાઈ-બહેન, કાકા-કાકી આ બધા સંબંધ બાંધવા જવું પડતું નથી, આપમેળે જોડાયેલા હોય છે. ઈશ્વરે આપણી પર આટલી મોટી કૃપા કરીને નીચે મોકલ્યા કારણ કે એમને ખબર હતી કે આ ઉંમરે જો પસંદગીનો અવકાશ આપીશ તો આ મનુષ્ય ગોથે ચઢશે, અને આથી જ આપણે સમાજરૂપી આવા સુંદર ઉપવનમાં ભૂલા ન પડી જઈએ, ગૂંચવાઈ ન જઈએ તેની માટે માતાપિતા, કાકા-કાકી, ભાઈ-બહેન ઈત્યાદિ સંબંધોની વાત કરી વચ્ચે પુષ્પને ઉછરવાની મોકળાશ કરી આપી, અને આપણે ઉપર ફક્ત એટલી જ જવાબદારી નાખી કે હવે આ સંબંધોને સાચવવાનું કામ તારું છે. પણ આપણે ઊણા ઊતર્યા છીએ, અને આથી જ આ વાડમાં છીડાં પડી ગયા છે.

આજે લોહીના સંબંધ થીજવા લાગ્યા છે, તેમાંથી લાગણી ગાયબ થઈ ગઈ છે, આત્મીયતા, સહૃદયતા, પારિવારિક સંબંધોની ઘનિષ્ઠતા નામશેષ થઈ ગઈ છે. કાકાના દીકરા ભાઈ સાથે ખૂલી વાત થઈ શકતી નથી, અથવા એમ કહેવાય કે ખૂલીને વાત કરતા નથી. પિતરાઈઓ સાથે જોડે બેસીને ગપ્પા મારવાનો સંબંધ રહ્યો નથી, કોઈ મુશ્કેલી આવી ગઈ હોય તો આ ઈશ્વરદત્ત સગાઓ આગળ આપણને ઝટ્ટ દઈને દોડતા નથી, અથવા જીવનમાં આવતી નાની-નાની આનંદની ક્ષણોમાં પણ સગા યાદ આવ્યા નથી.

પારિવારિક સંબંધોનો માત્ર તહેવાર પૂરતો વહેવાર બની રહે છે. બેસતા વર્ષના દિવસે 'સાલ મૂબારક' અથવા તો કોઈ લગ્નપ્રસંગે બુફે ભોજન લેતા-લેતા જે બે-ચાર શબ્દોની આપ-લે થાય તે. એકાદ નમૂનો જોઈએ તો 'ઘણા વખતે મળ્યા કેમ ?' પણ ભાઈ! રોજ મળને ! કોણ ના પાડે છે? અને અત્યારે પણ શિષ્ટાચાર પૂરતા પરાણે મીઠા બે બોલ બોલવા ખાતર બોલે છે. બીજો આવો હાસ્યાસ્પદ સંવાદ છે. 'ઓ હો હો ! કેટલો મોટો થઈ ગયો નહીં તમારો બાબો ! આવડો હતો ત્યારે જોયો હતો.' અલાભાઈ શું તમે છેલ્લે જયારે જોયો હોય પછી સમય થંભી જાય ! અને હવે તો મોટા થયો, હવે તો બાબો ન કહે, અને એની જન્મતારીખ પણ યાદ છે? દર વરસે જન્મદિવસના અભિનંદન આપવા માટે જો ખાલી ફોન પણ કર્યો હોય તો આજે બેહૂદો પ્રશ્ન ન પૂછવો પડ્યો હોત! પણ આપણને ટેવ પડી ગઈ છે ! વાર્તાલાપની પ્રસ્તાવનાની આ જૂની રૂઢિ છે.

સંબંધોની આવી હાલત પાછળનું કારણ આપણે જ છીએ, કારણ વગરનો સંપર્ક અભદ્રતામાં ખપે છે, કાંઈક કામ હોય તો જ મળાય. અમસ્તા - અમસ્તા તો શું જવું ? ખરેખર સાચું જ કહ્યું છે.

'સમય કેવો મજાનો આવ્યો છે ભગવાન ! લોકોને પ્રેમથી નામ પૂછીએ તો સામે કામ પૂછે છે!' 'અમે બે અમારા બે' સૂત્ર કુટુંબ વ્યવસ્થા માટે લાભદાયક હશે, પરંતુ આનાથી સમાજ વ્યવસ્થાને તો ચોક્કસ હાનિ જ થઈ છે.

બીજું બહાનું છે, સમય નથી મળતો, સાંજે ઑફિસથી ઘરે આવીને જમી ખાઈને ટી.વી. ચાલુ, સાચું-ખોટું, સારું ખરાબ જે આવે તે જોવાનું. આપણને ભલે લાગે કે ટી.વી.નું રિપોર્ટ આપણા હાથમાં છે, પણ ખરેખર આપણું રિમોટ ટી.વી.ના હાથમાં છે. ઘડીકમાં માણસને કયાંથી કયાં ફેરવી નાખે છે ? હવે બોલો આટલા અમૂલ્ય કાર્યમાં આપણો સમય વ્યતિત થતો હોય તો કોઈની જોડે બેસીને ખાલી અમથા ગપ્પા મારવાનો સમય કયાંથી મળે ? આપણે કેટલી ભયંકર સામાજિક અવ્યવસ્થા સર્જી રહ્યા છીએ તેની ભયાનકતા અત્યારે નહીં સમજાય પરંતુ ઉંમરના અમુક ચોક્કસ પડાવ પછી નિવૃત્તિના સમયમાં જયારે ખાલી સમય ખાવા દોડશે ત્યારે સમજાશે.

વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

સંબંધમાં ગણિતના દાખલાની જેમ, ગણતરીપૂર્વકના પગલાં માંડવામાં આવે છે, કોણ કેટલું મદદરુપ થશે એનો હિસાબ માંડીને પગલાં ભરવાના, વર્તમાનમાં આ સંબંધ કેટલો ફાયદાકારક છે. ભવિષ્યમાં કેટલો લાભ થશે તેની ગણતરી કરવાની. આ સંબંધ નથી સોદાબાજી છે. સંબંધ વિકાસવવા માટે દંભી પાર્ટીઓનું આયોજન થાય, કીટી-પાર્ટી, પીકનિક, ન્યુ-યર ઈવનીંગ યોજાય, કહેવાતા સભ્ય લોકો તેમાં ભાગ લે. ૧૭૫ રૂ.ની ડીશ જમાય, સ્ત્રીઓ પોતાના આભૂષણ અને અવનવા ડ્રેસ વિશે અને પુરુષો પોતાના વ્યવસાયના બમણાં ફૂંકીને છૂટા પડે, આ મિજબાની ન કહેવાય દંભી લોકોનો કુંભમેળો કહેવાય.

બે જણાં દિલથી મળે તો એક મજલીસ છે 'મરીઝ'
દિલ વિના લાખો મળે એને સભા કહેતા નથી.

બાકી ચાર જણ ચાની લારીએ ભેગા થઈ મૂંઢા પર બેઠા બેઠા ચાર અડદી ચાની ચૂસકી લેતા એક-મેકના સુખદુઃખની વાતો કરી ફૂલ જેવા હળવા બની છૂટા પડે, બે ઘડી પોતાના તમામ દર્દ ભૂલી અનંતનો આનંદ પામે, હવે બોલો ઉપરના બેય ચિત્રમાંથી તમે કયાં ચિત્રમાં ગોઠવાવાનું પસંદ કરશો ?

સંબંધોનો બધો આધાર તમારા પર છે, સંબંધ તો માણવાની વસ્તુ છે, કોઈ ફરજના ભાગરૂપે લઈએ તો એ સંબંધ તમે નિભાવો છો તેમ માનવું. સંબંધો સાચવવા માટે થોડું જતું કરવાની ભાવના હોવી જરૂરી છે, સામા પક્ષેથી આકાંક્ષાઓ અને અપેક્ષાઓ રાખવાના બદલે તમે કેવી રીતે તેને સંતોષી શકશો તેની ચિંતા કરવી, સંબંધની વાત આવે ત્યારે ગણતરીબાજ મગજની બારીઓ સજ્જન બંધ કરીને, હૃદયના દ્વાર ઉઘાડી નાખવા. જગજિતસિંહની ગઝલનો એક શેર છે.

બોતલે ખોલ કે તો પી બરસો,
આજ દિલ ખોલ કર ભી પી જાયે

- jayuoza@gmail.com,
Mo. 9898046488

પુરુષોત્તમ ઉપાધ્યાયે પોતાની સ્વર સાધના થકી સૌને રાજી કર્યા

'તમે ચમત્કારમાં માનો છો? એમ જો કોઈ પુછે તો હું કહું કે હા, કારણ કે મારી સામે અત્યારે પુરુષોત્તમ ઉપાધ્યાય ગાઈ રહ્યા છે.' કાર્યક્રમ સંચાલક અંક્તિ ત્રિવેદીએ સ્ટેજ પરથી કહેલી વાત શ્રોતાઓ પૈકીના ઘણાબધાની લાગણીનો પડઘો પાડનારી હતી.

અવસર હતો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત અમદાવાદ નેશનલ બુક ફેર - ૨૦૧૭ માં રોજ સાંજે યોજાયા સૂર-શબ્દ-તાલની ત્રિવેણીનો. એ દિવસે ગુજરાતી પીતોને ઘરઘરમાં પહોંચાડનાર ગાયક - સ્વરકાર પુરુષોત્તમ ઉપાધ્યાયે સ્ટેજ પરથી કાર્યક્રમ જે તાકાતથી દિલથી અને સાહજિકતાથી રજૂ કર્યો એ જોઈને કોઈ માનવા તૈયાર ન થાય કે ગી રહેલા ભક્તિની ઉંમર ૮૨ વર્ષથી થઈ છે!!

પદ્મશ્રી પુરુષોત્તમ ઉપાધ્યાયે એ દિવસે ગીતોની સાથે સાથે પોતાના દાયકાઓના અનુભવનો અર્ક પણ કહ્યો. એમણે યુવા ગાયકોને બિરદાવ્યા. ત્રિવેણી કાર્યક્રમ મરીઝને નામ હતો તો એમને શાયર મરીઝના કેટલાક પ્રસંગો કહ્યા અને જેમની પાસે - જેમના સ્વરમાં એમને મરીઝની ગઝલ ગવડાવી હતી એ બેગમ અખ્તર જેવા ગાયિકાને પણ યાદ કર્યા. બીજા વન વગડાના વા મા તે માં, જનાજો જશે તો જશે કાંધે કાંધે, કહું હું જવાનીને પાછી વળી જા, એક પછી એક ગીતો રજૂ થતા રહ્યા પુરુષોત્તમ ઉપાધ્યાય ગાતા રહ્યા... એમણે મહમદ રફી જેવા શ્રેષ્ઠ પાર્શ્વગાયકને યાદ કરતા કહ્યું કે 'કહું છું જવાનીને ... ગીતના રેકોર્ડીંગ સમયે મહમદ રફીએ મને એવું કહ્યું હતું કે આપકી અંગુલીયોમેં જો સ્વર બસતે હૈ વો મૈં નહિ ગા સકતા...'

જૂની રંગભૂમિના જે ગીતો હતા, એમાં જે અદાયગી હતી - અસ્સલ એવી જ અદાયગી જરૂર પડે એમણે ગીતો સાથે કરી હતી અને શ્રોતાઓને દાદ આપવા મજબૂર કર્યા...

હાર્મોનિયમ પર ફરતી એમની આંગળીઓએ એવા અદ્‌ભૂત કામણ કર્યા કે આખું યે વાતાવરણ સૂર-દરબાર જેવું થઈ ગયું.

અવિનાશ વ્યાસના માનસપુત્ર તરીકે ઓળખાતા પુરુષોત્તમ ઉપાધ્યાયે ગુજરાતી કાવ્ય સંગીતની સાથે જ લોકસંગીતની મીઠી હલક છેડી અને રંગલો જામ્યો... રજૂ કરી જમાવટ કરી દીધી.

આ લખનારે ૧૯૮૦ના દાયકાના આરંભથી પુરુષોત્તમ ઉપાધ્યાયને ભાવનગરમાં સાંભળ્યા છે. ભાવનગરના સંગીત પ્રેમીઓ તુષાર વોરા - દક્ષેશ મહેતા પરિવાર - કપિંજલ વોરા ને એવા તો અનેક પરિવારો જેમને ત્યાં વહેલી સવાર સુધી કાર્યક્રમો ચાલે - પુરુષોત્તમ ઉપાધ્યાય ગાતા રહે અને શ્રોતાઓ એમને દાદ આપતા રહે... એ સમયે એમના વ્યક્તિત્વમાં - અવાજમાં અને સૂરમાં જેટલી તાજગી - ઉર્જા અને શુદ્ધતા અનુભવતા હતા - આજે સાત્રા ત્રણ દાયકા પછી - ઉંમરના આ પડાવે પણ એ બધું જ અકબંધ હોવાની - અનુભૂતિ થઈ. એટલી જ સરળતા - સહજતા અને મસ્તીથી એ ગાઈ રહ્યા હતા... ગાયનની બારીકીઓ અને સૂરનો લગાવ એટલા જ એમને કંઠવગા હતા એનો આનંદ હતો. શરીરની ઉંમરના વધવાની સાથે સાથે એમના ગાયનમાં જાણે પ્રતિ પળ નૂતન તાજગી ઉમેરાતી જતી હોય એવું અનુભવાયું. એમને મિજાજ-જુસ્સો અને ઠાઠ પણ એ જ... આમ એ દિવસે શ્રોતાઓને પદ્મશ્રી પુરુષોત્તમ ઉપાધ્યાયે પોતાની સ્વર સાધના થકી રાજી કર્યા ત્યારે સહુને માટે એ સમય પરમ ધન્યતાનો અવસર બની રહ્યો.

અજવાળું - અજવાળું
તુષાર જોશી

સંગીત હૈ શક્તિ ઈશ્વર કી
હર સૂર મેં બસ હૈ રામ,
રાગી જો સુનાયે રાગીની
રોગી કે મીલે આરામ...

આ શબ્દની અનુભૂતિ કેટલાયે દર્દીઓને થઈ છે... સંગીતથી માત્ર દર્દી જ નહિ સામાન્ય માણસ પણ પ્રસન્નતા પામે છે. આનંદ પામે છે. સંગીતના ગાયકથી મા સરસ્વતીનો સાક્ષાત્કાર અનેક ગાયકોએ અનુભવ્યો છે. સંગીતની કલા જેને વરી હોય એ વાસ્તવમાં કૃપા માત્ર જ ગણાય.

પુરુષોત્તમ ઉપાધ્યાય જેવા સમર્થ ગાયક - સ્વરકારને મળેલી ગાયક અને સંગીતની કલા એ વાસ્તવમાં પરમ તત્ત્વની દેન છે. આ કલા ઉંમરના વધવા સાથે ઘડાતી જાય - અનુભવ સમૃદ્ધ બનતી જાય અને શ્રોતાઓને ડોલાવતી જાય...

સંગીત કલા પ્રત્યેનું આવું સમર્પણ - સાદગી અને સામર્થ્ય એક સાથે કોઈ એક વ્યક્તિમાં સમન્વય પામે ત્યારે એમની કલાથી શ્રોતાઓના દિલમાં અજવાળા રેલાય છે.

● ● ●

સાધના જ્યારે રાગિણી થઈ જાય છે.
રાત્રીના અંધકારમાં પણ રોશની થઈ જાય છે.